सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| કેસ દાખલ કર્યા તારીખ | :– | ૦૯/૧૨/૨૦૧૫ | | |
| ઠરાવ જાહેર તારીખ | :– | ૨૭/૦૪/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **:–** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | ૧૦ | ૦૪ | ૧૮ |

## ક્રિમીનલ મેન્યુઅલના નિયમ રૂલ–૧૭૯(એ) અન્વયે જજમેન્ટ

**FORM - A**

**<u>મે. અંકલેશ્વરનાં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી વી. આર. સોલંકી ) સાહેબની કોર્ટમાં , અંકલેશ્વર , જી.ભરૂચ.</u>**

**આંક:–**

**(જજમેન્ટ તારીખ– ૨૭/૦૪/ ૨૦૨૬)**

**ક્રિમીનલ કેસ નં– ૫૭૨૨/૨૦૧૫**

**(અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન, ગુ.ર.નં. I ૧૪૭/૨૦૧૫)**

**ઈ.પી.કોડ કલમ–૨૭૯,૩૩૭,૩૦૪(અ) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ.**

| | |
|---|---|
| **ફરીયાદી :–** | **શ્રી સરકાર.**<br>**(મૂળ ફરીયાદી– પ્રકાશભાઈ વાલજીભાઈ પરમાર)** |
| ફરીયાદપક્ષ તરફે :– | વિ. એડીશ્નલ પબ્લીક પ્રોશીકયુટર<br>શ્રી એસ.વી. પટેલ |
| **આરોપી :–** | **દેવીલાલ કુરીયા મીણા**<br>રહે.ખેમપુરીયા, તા.આસપુર, જી.ડુગરપુર |
| આરોપી તરફે :– | વિ.વ.શ્રી એ.બી. ચૌહાણ |

**FORM - B**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ– | ૧૧/૧૦/૨૦૧૫ |
| એફ.આઈ.આર.તારીખ– | ૧૨/૧૦/૨૦૧૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ– | ૦૬/૧૨/૨૦૧૫ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ– | –––– |
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ– | ૨૧/૦૮/૨૦૨૪ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ– | ૨૭/૦૪/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદા તારીખ– | ર૭/૦૪/ર૦ર૬ |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ,જો હોય તો | ––––––––––– |

**–::આરોપીની વિગત::–**

| આરોપીનો રેન્ક | આરોપીનું નામ | ઘરપકડ કર્યા તારીખ | જામીન મુક્ત કર્યા તારીખ | આરોપી ઓ સામેના ગુનાનુ તહોમત | નિર્દોષ કે દોષિત. | ફરમાવેલ સજા. | ક્રિ.પ્રો. કો. કલમ–૪ર૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અટકાયત મા પસાર કરેલ સમય. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવીલાલ કુરીયા મીણા | | | ઈ.પી.કોડ કલમ–ર૭૯, ૩૩૭,૩૦૪(અ) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |

**FORM - C**

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટના સાહેદોનું લીસ્ટઃ–**

**એ – ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટઃ–**

| ક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ચંદ્રપ્રકાશ દેવચંદજી ડામોરની | ૦૯ | સાહેદ |
| ર | વેણીલાલ પરસોત્તમભાઈ પરમાર | ૧૮ | પંચ સાહેદ |
| ૩ | પ્રકાશ વેલજીભાઈ પરમાર | ર૯ | ફરીયાદી |
| ૪ | ગોરધન લખાભાઈ ગોહીલ | ૫૦ | ત.ક.અમલદાર |

**બી – બચાવપક્ષે સાહેદોનું લીસ્ટઃ–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**સી – કોર્ટ સાહેદોનું લીસ્ટઃ–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**
**એ – ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| ૧ | ૩૦ | ફરીયાદ |
| ૨ | ૩૧ | મરણોત્તર પંચનામું |
| ૩ | ૩૨ | ગુન્હા/ બનાવ સ્થળની મુલાકાતનો પ્રાથમીક અહેવાલ |
| ૪ | ૩૩ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ |
| ૫ | ૩૪ | પી.એમ. નોટ અંગેનો રીપોર્ટ |
| ૬ | ૩૫ | પી.એમ.નોટ |
| ૭ | ૩૬ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૮ | ૫૧ | મેડીકલ સર્ટીફીકેટ |

**બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––– |

**સી – કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––– |

**– :: ઠ રા વ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી લકઝરી બસ નં. આર.જે.–૧૨–પી.બી.–૧૪૪૭ ના ચાલકે પોતાની લકઝરી બસ પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દઈ હોટલ હિલ્ટનના કંપાઉન્ડમાં ઘાલી દઈ તયા ઉભેલ ટ્રક નં. એમ.એચ.–૦૬–એ.સી.–૭૬૭૨ ના પાછળના ભાગે તથા ટ્રક નં.

એમ.એચ.–૪૩–યુ–૩૧૫૦ ની જમણી સાઈડે અથાડી લકઝરી બસની કેબીનમાં બેસેલ પેસેન્જર (સાહેદ)ને તથા ફરીયાદીને વતી ઓછી ઈજાઓ પહોચાડી તથા કલીનર ઈશ્વરલાલ સવજીભાઈ રોતને મોઢાના ભાગે ઈજા પહોચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી ગુન્હો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામે આરોપીને આ અદાલત ધ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. આ કામે આરોપી સામે આંક–૫૭ થી તહોમતનામુ ફરમાવી આંક–૫૮ થી આરોપીની ગુના અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપી તરફે ગુનાનો ઈન્કાર કરેલ છે. આ કામે પક્ષકારો તરફે આંક–૨૮થી સમાધાન પુરસીસ રજુ થતા સદર સમાધાન રેકોર્ડ કરવામાં આવેલ

(૩) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબનાં પુરાવાઓ રજુ રાખેલ છે.

| **મૌખિક પુરાવો :–** | **આંક** |
|---|---|
| (૧) સાહેદ ચંદ્રપ્રકાશ દેવચંદજી ડામોરની જુબાની | ૦૯ |
| (૨) પંચ સાહેદ વેણીલાલ પરસોત્તમ પરમારની જુબાની | ૧૮ |
| (૩) ફરીયાદી પ્રકાશભાઈ વેલજીભાઈ પરમારની જુબાની | ૨૯ |
| (૪) ત.ક.અમલદાર ગોરધન લખાભાઈ ગોહીલની જુબાની | ૫૦ |

**દસ્તાવેજી પુરાવો :–**

| | | |
|---|---|---|
| (૧) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૯ |
| (૨) | ફરીયાદ | ૩૦ |
| (૩) | મરણોત્તર પંચનામું | ૩૧ |
| (૪) | ગુન્હા/બનાવ સ્થળની મુલાકાતનો પ્રાથમીક અહેવાલ | ૩૨ |
| (૫) | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ | ૩૩ |
| (૬) | પી.એમ. નોટ અંગેનો રીપોર્ટ | ૩૪ |
| (૭) | મેડીકલ સર્ટીફીકેટ | ૩૬ |
| (૮) | એફ.આઈ.આર. | ૫૧ |
| (૯) | મેડીકલ સર્ટીફીકેટ | ૫૨ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો આંક–૫૪ થી પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે. ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા લાયક જણાતા આરોપીનુ વિશેષ નિવેદન નોંધેલ છે. ત્યાર બાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

(૫) ઉપરોકત હકીકતે કેસનાં નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ એમ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી લકઝરી બસ નં. આર.જે.–૧૨–પી.બી.–૧૪૪૭ ના ચાલકે પોતાની લકઝરી બસ પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દઈ હોટલ હિલ્ટનના કંપાઉન્ડમાં ઘાલી દઈ તયા ઉભેલ ટ્રક નંબર – એમ.એચ.–૦૬–એ.સી.–૭૬૭૨ ના પાછળના ભાગે તથા ટ્રક નં.

એમ.એચ.–૪૩–યુ–૩૧૫૦ ની જમણી સાઈડે અથાડી લકઝરી બસની કેબીનમાં બેસેલ પેસેન્જર (સાહેદ)ને તથા ફરીયાદીને વતી ઓછી ઈજાઓ પહોચાડી તથા કલીનર ઈશ્વરલાલ સવજીભાઈ રોતને મોઢાના ભાગે ઈજા પહોચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી ઈ.પી.કોડ કલમ– ૨૭૯, ૩૩૭,૩૦૪(અ) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદા નં.૧ :–**

(૮) આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષે આંક–૯ થી સાહેદ ચંદ્રપ્ર કાશ દેવચંદજી ડામોરને તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૧૫ ની સાલમા બનેલો. બનાવના દિવસે તેઓ મુંબઈ બોરી વલ્લી થી શ્રી ગણેશ રઘુ ટ્રાવેલ્સની લકઝરી બસમા નં. આર.જે. ૧૨ પી.બી.૧૪ ૪૭ લઈને નીકળેલા. જેમા તેઓ તથા બીજા ડ્રાઈવર દેવીલાલ કુરીયા મીના તથા કલીનર ઈશ્વરભાઈ સવજીભાઈ રાજસ્થાન જવા નીકળેલા. તે સમયે વલસાડ

હોટલ શીવા ગેલેક્ષી થી સદર લકઝરી બસ બીજા ડ્રાયવર દેવીલાલને સોપી તેઓ કેબીનના ઉપરના સોફામાં સુઈ ગયેલા એન એકસીડન્ટ થતા તેઓ જાગી ગયેલા અને સોફા માથી નીચે પડી ગયેલા જેમા તેઓને કોઈ ઈજા થયેલ નહી અને બીજા પેસેન્જરોને તથા કલીનરને ઈજા થતા તેઓને ૧૦૮ માં ભરૂચ સીવીલ હોસ્પિટલમા સારવાર માટે લઈ ગયેલા. આ અકસ્માત કઈ રીતે થેલો તે તેઓને ખબર નથી. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે સદર સાહેદએ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, આ બનાવ બનેલો ત્યારે તેઓ ઉંઘમા હતા. તેઓએ બનાવ નજરો નજર જોયેલ નથી. આ બનાવ કોની બેદરકારીથી બનેલો તે તેઓ કહી શકે નહી.

(૯) વધુમાં, ફરીયાદપક્ષે આંક–૧૮ થી પંચ સાહેદ વેણીલાલ પરસોત્તમભાઈ પરમારને તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદ પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ પરની જુબાની દરમ્યાન પોતાની સરતપાસમાં આંક–૧૯ થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી સીવાયની અન્ય કોઈ હકીકતને લેશમાત્ર સમર્થન કરી શકેલ ન હોય જેથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્રારા સદર સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી કોર્ટની પરવાનગીથી સદર સાહેદની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમ છતા સદર સાહેદની ઉલટ તપાસ દરમ્યાન સદર સાહેદોની સરતપાસમાં જણાવેલ હકીકતથી વિશેષ કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બની શકે તે મુજબની

કોઈ હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી.

જયારે સદર પંચ સાહેદએ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓને પંચનામાની વિગતો વિશે જાત માહીતી નથી.

(૧૦) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક–૨૯થી ફરીયાદી પ્રકાશ વેલજીભાઈ પરમારને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ સને.૨૦૧૫ ના વર્ષમા બનેલ હતો, બનાવના રોજ તેઓ તેમના વતન રાજસ્થાન મુકામે જવાનું હોય ત્યારે સાંજના આશરે ચાર એક વાગ્યની આસપાસ મુંબઈ થી રાજસ્થાન જતી લકઝરીમા મીરા રોડ, મુંબઈ ખાતેથી બેઠેલ તો તે બસનો નંબર તેઓને હાલ યાદ નથી તેમા બીજા પેસેન્જરો પણ બેઠેલ હતા આ લકઝરી બસ રાત્રીના દશ વાગ્યાની આસપાસ અંકલેશ્વર થી આગળ ને.હા.નં.૮ ઉપર આવેલ હોટલ હીલટન આગળ આવતા બસનો અથડાવવાનો અવાજ આવેલો જેમા બસનો આગળનો ભાગ છુંદાઈ ગયેલ હતો જેમા મને તથા કલીનરને મોઢા ઉપર ગંભીર ઈજાઓ થયેલ અને બાકીના પેસેન્જરોને પણ ઈજાઓ થયેલી જેથી તેઓને બધાને કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા ભરૂચ સીવીલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયેલા, અને તેઓએ તથા તેઓની સાથેના અન્ય એક પેસ ેન્જરે રાજકુમાર ઓર્થોપેટીક ખાનગી દવાખાનામા વધુ સારવાર લીધેલી અને સીવીલ હોસ્પિટલમા આવેલ ત્યારે બસના કલીનર સારવાર દરમીયાન આશે એકાદ વાગે મરણ ગયેલા જેનું નામ અમોને પાછળથી જાણવા મળેલ કે, ઈશ્વરભાઈ સવજીભાઈ, રહે. ડુંગરપુર,રાજસ્થાનના હોવાનું જાણવા મળેલું, અને બીજા પેસ

ેન્જરનું નામ તથા ડ્રાઈવરનું નામ પણ તેઓને જાણવા મળેલ નહી, કે તેઓ આરોપીને જોયે હાલ ઓળખતા નથી. જેથી તેઓએ અકસ્માત અંગેની ફરીયાદ લખાવેલી જે ફરીયાદની ખરી નકલ તેઓને બતાવતા તેમા તેઓ તેમની સહી ઓળખી બાવતા હોય ફરીયાદ આંક–૩૦ થી રજુ રાખેલ છે. આ બનાવ કોની ભુલના કારણે બનેલો તે તેઓ જણાવી શકે નહી. સદર ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં તેઓએ પોતાની પોલીસ રૂબરૂની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી.

જયારે સદર ફરીયાદીએ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, બનાવ કોની બેદરકારીથી બનેલો તે તેઓ કહી શકે નહી. બનાવ સમયે લકઝરી બસ કોણ ડ્રાઈવીંગ કરતુ હતુ તે તેઓ કહી શકે નહી. આ કામે તેઓને સમાધાન થઈ ગયેલ છે.

(૧૧) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક–૫૦ થી ત.ક.અમલદાર ગોરધનભાઈ લખાભાઈ ગોહીલને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તા.૧૨–૧૦–૧૫ ના રોજ તેઓ અંકલેશ્વર શહેર પો.સ્ટે. ખાતે પી. એસ. આઈ. તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમીયાન સદર કામના ફરીયાદી પ્ર કાશભાઈ વાલજીભાઈ પરમાર નાઓએ પીઆઈ શ્રી એલ.બી.તડવી નાઓ રૂબરૂ ફરીયાદ હકીકત લખાવેલ કે, લકઝરી બસ નં.આરજે ૧૨ પીબી ૧૪૪૭ ના ચાલકે પોતાની બસ પુરઝડપે અને ગફતલભરી રીતે હંકારી લાવી સ્ટેરીગ ઉપરનો કાબુ ગુમાવી દઈ હોટલ હીલટનના કંમ્પાઉન્ડમા ઉભેલ ટ્રક નં.એમએચ. ૦૬ એસી

૭૬૭૨ ના પાછળના ભાગે બ્રેક નહી વાગતા એકદમ અથાડી દીધેલ અને બીજી એક ટ્રક એમએચ ૪૩ યુ ૩૧૫૦ જમણી બાજુ ઉભેલ હોય તે ટ્રકની સાથે પણ ડાબી બાજુના ભાગે અથાડેલી અને બસની કેબીનમા બેસેલ પેસેન્જર તજા ફરીયાદી તથા કલીનરને ઈજાઓ પહોંચાડી કલીનર ઈશ્વરભાઈ સવજીભાઈ નાઓને સારવાર દરમીયાન મોત નીપજાવી ગુનો કરેલ. જે અંગેની વિગતવારની ફરીયાદી નોંધી ગુનો રજી. કરવા સારુ પીએસઓને સુપ્રત કરેલ જે ફરીયાદ તેઓને બતાવવામા આવે છે જે આંક–૩૦ થી રજુ છે જે બાબતે ફરીયાદ આધારે ગુનો રજી. કરવામા આવેલ તે એફઆઈઆર તેઓને બતાવવામા આવે છે જેમા આવે છે જેમા ફરીયાદીની તથા પીએસઓને સહી તેઓ ઓળખી બતાવે છે. સદરહુ ગુનો રજી. કર્યા બાદ આગળની તપાસ તેઓને સુપ્રત કરેલી જે ગુનાના કામે તેઓએ ઈન્કવેસ્ટ પંચનામું બે પંચોની હાજરીમા કરેલું જે તેઓને બતાવવામા આવે છે જે આંક–૩૧ થી રજુ છે જેમા પંચો તથા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તથા ગુનાવાવળી જગ્યાનું પંચનામું બે પંચોની હાજરીમા કરેલું જે તેઓને બતાવવામા આવે છે જે આંક–૧૯ થી રજુ છે જેમા પંચો તથા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ સદરહુ ગુનાના કામે તેઓએ ઈજા પમનાર તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ સદરહુ ગુનાના કામે એફએસએલ અધી. ને સ્થળ ઉપર હાજર રાખી અને તેઓને સ્થળની મુલાકાત લઈ પ્રાથમીક અહેવાલ રજુ કરેલ જે તેઓને બતાવવામા આવે છે જે આંક–૩ર થી રજુ છે જેમા તેની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. ત્યાર બાદ સદરહુ ગુનાના કામે સંડોવાયેલ વાહનનો

એકસીડન્ટ રીપોર્ટ પણ આરટીઓ કચેરી ભરૂચથી માંગણી કરતા તેઓએ રીપોર્ટ રજુ કરેલ જે તેઓને બતાવવામા આવે છે જે આંક–૩૩ થી રજુ છે તે તેજ છે. સદરહુ ગુનાના કામે મરણ જનારની પીએમ નોટ તપાસના કામે મેળવી રજુ કરેલ જે આંક–૩૫ થી રજુ છે તે તેજ છે. તેમજ સદરહુ ગુનાના કામે ઈજા પામનાર ફરીયાદી પ્રકાશભાઈ નાઓએ ભરૂચ સીવીલ હોસ્પિટલમા સારવાર લીધેલી તેઓનુ મેડી. સર્ટી મેળવી રજુ કરેલ જે આંક–૩૬ થી રજુ છે તે તેજ છે. તેમજ સદરહુ ગુનાના કામે ઈજા પામનાર સાહેદ વેલજીભાઈ લાલજીભાઈ ડીડોર નાઓને સદરહુ અકસ્માતમાં ઈજા થયેલ હોય જેઓએ તેઓની સારવાર ભરૂચ સીવીલ હોસ્પિટલમા સારવાર લીધેલું જેઓની મેડી. સર્ટી તેઓએ તપાસના કામે મેળવી રજુ કરેલ જેની ખરી નકલ તેઓને બતાવવામા આવે છે જેનો એમએલસી નં.૨૩૦૬/૧૫ નો છે જેમા ડો.શ્રી વીજય વી. પરમાર નાઓની સહી છે જે તેઓએ તપાસના કામે મેળવી રજુ કરેલ જેઓની સહી તેઓ ઓળખી બતાવતા હોય જેને આંક–૫૧ થી રજુ રાખેલ છે. ત્યાર બાદ તેઓએ સદહુ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને આરોપી વિરુધ્ધ પુરતા પુરવા હોય ચાર્જશીટ કરેલ.

જયારે સદર ત.ક.મલદારએ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, ફરીયાદ તેઓના રુબરુ નથી.

(૧૨) આમ, સદર કામે સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામના પંચ સાહેદ વેણીલાલ પરસોત્તમભાઈ પરમારને આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાનીમાં આંક–૧૯ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ

છે પરંતુ સદર પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય તેઓની જુબાનીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ પુરવાર થતુ નથી.

વધુમાં, સાહેદ ચંદ્રપ્રકાશ દેવચંદજી ડામોરને આંક–૯ થી તપાસવામાંઆવેલ છે. તેમણે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકિકત સ્વીકારેલ છે કે, આ બનાવ બનેલો ત્યારે તેઓ ઉંઘમા હતા. તેઓએ બનાવ નજરો નજર જોયેલ નથી. આ બનાવ કોની બેદરકારીથી બનેલો તે તેઓ કહી શકે નહી.

વધુમાં, ફરીયાદી પ્રકાશભાઈ વેલજીભાઈ પરમારને આંક–૨૯ થી તપાસવામાંઆવેલ છે. તેઓએ પોતાની આંક–૩૦ ની ફરીયાદથી વિરુધ્ધની જુબાની આપેલ છે. આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ એ હકિકત સ્વીકારેલ છે કે, બનાવ કોની બેદરકારીથી બનેલો તે તેઓ કહી શકે નહી. બનાવ સમયે લકઝરી બસ કોણ ડ્રાઈવીંગ કરતુ હતુ તે તેઓ કહી શકે નહી. આ કામે તેઓને સમાધાન થઈ ગયેલ છે.

જેથી ઉપરોકત સમગ્ર પુરાવો જોતા, જયારે ફરિયાદી તથા સાહેદોના પુરાવામાં અકસ્માત કઈ રીતે થયો તે બાબતે કોઈ સ્પષ્ટતા જણાવવામાં ના આવેલ હોય, ત્યારે આરોપી સામેનો ગુનો સાબીત થયેલો માની શકાય નહી. ફરીયાદપક્ષે પોતાના પુરાવાથી આરોપી બનાવ સમયે પોતાનું વાહન બેદરકારી કે નિષ્કાળજીપૂર્વક ચલાવતો હતો તે હકીકત પુરવાર કરવી જોઈએ.

(૧૩) વધુમાં આરોપી પર ઈ.પી.કોડ કલમ–૨૭૯,૩૩૭,૩૦૪(અ) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુનાનો આરોપ છે જે ગુનાઓની સાબીતી માટે કાયદાની પરીસ્થીતી જોતા ,

**IPC Section - 279.** Rash driving or riding on a public way.—Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

ઉપરોકત વ્યાખ્યા ઉપરથી ઈ.પી.કોડની કલમ – ૨૭૯ ની સાબીતી માટે નીચે મુજબના આવશ્યક તત્વો જરુરી છે.

(1) The accused was driving a vehicle or was riding.
(2) He was driving or riding on a public High Way.
(3) He was driving or riding rashly or negligently.
(4) The riding or driving endangered human life or was such as to be likely to cause hurt or injury.

(૧૪) વધુમાં મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષીત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવુ જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનુ ડ્રાઈવીંગ કરતો હતો. તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ ડ્રાઈવીંગ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રીમીનલ બેદરકારી ભર્યુ ડ્રાઈવીંગ બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા

બદલ દોષીત ઠરાવી શકાય નહી. વધુમાં નામદાર ઓરીસ્સા વડી અદાલતે " બદ્ર ીપ્રસાદ તિવારી વિરુધ્ધ સ્ટેટ " ૧૯૯૪ – ક્રિ.લો.જ. પેજ નંબર – ૩૮૯ માં ઠરાવેલ છે કે ,

"Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.

વધુમાં તે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે ''Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must

be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment.

વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ ચંદુભાઈ કે જે ૧૯૮૪ (૧) ક્રાઈમ્સ ૮૦૮ ( ગુજરાત) માં પ્રસીધ્ધ થયેલ છે તેમાં એવુ પ્રતીપાદીત કરેલ છે કે ,

" A complaint of negligent driving can not culminate in conviction if the prosecution fails to prove the accused was the negligent driver".

(૧૫) વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત ના સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુસન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ

કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદ પક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં ફોજદારી ન્યાયશાસ્ત્ર નો એવો પણ સ્થાપીત સીધ્ધાંત છે કે , સો ગુનેગારો ભલે છુટી જાય પરંતુ કોઈ નિર્દોષ ને સજા  ન થવી જોઈએ. વધુમાં નામદાર સુપ્રીમ  કોર્ટ ધ્વારા " કૈલાસ ગોર વિરુધ્ધ સ્ટેટ ઓફ આસામ" જે એ.આઈ.આર. ૨૦૧૨ , એન.સી. પાન નંબર – ૭૮૬ ના ચુકાદામાં પ્રતીપાદીત કરેલ સીધ્ધાંતો જોતા તેના પેરા – ૨૮ માં એમ ઠરાવેલ છે કે ,

> *"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in*

*India."*

આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવુ ન્યાયોચીત જણાતુ નથી. આમ આરોપી અકસ્માતના ગુનામાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલ છે તેમ પુરવાર થતુ નથી.

(૧૬) આમ, ફરીયાદપક્ષના ઉપરોકત સમગ્ર પુરાવાથી અકસ્માત વખતે અકસ્માતવાળુ વાહન આરોપીએ બેદરકારી કે નિષ્કાળજીપૂર્વક રીતે ચલાવેલ હોવાનું ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ કોઈ પણ સાહેદ પોતાના પુરાવામાં ચોકકસપણે જણાવતા નથી. જેથી ફરીયાદપક્ષના પુરાવાથી કહેવાતો અકસ્માતવાળો બનાવ બનેલાનું જણાઈ આવે છે, પરંતુ સદર બનાવ વખતે આરોપીએ અકસ્માતવાળુ વાહન ગફલતભરી રીતે હંકારેલ હોય કે સદરહુ અકસ્માત આરોપીની બેદરકારીના લીધે બનેલ હોય તેવુ ફરીયાદપક્ષના રજુ થયેલ તમામ પુરાવાથી માની શકાય તેમ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી સામેના ગુનાનું તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી ત્યારે આરોપી છુટી જવા પામતો હોઈ મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.ર માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) આ કામના આરોપી દેવીલાલ કુરીયા મીણા, રહે. ખેમપુરીયા, તા. આસપુર, જી.ડુગરપુર નાઓને તેમની સામેના અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. I ૧૪૭/૨૦૧૫ ઈ.પી.કોડ કલમ–

૨૭૯,૩૩૭,૩૦૪(અ) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબના સજાને પાત્ર ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૮(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૪૩૭ (એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ – ૨૭મી, માહે – એપ્રિલ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**( વિજયકુમાર આર. સોલંકી )**
એડીશનલ સીનીયર સીવીલ જજ અને
અધીક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અંકલેશ્વર. જીલ્લો – ભરૂચ
**જજ કોડ નં.–જી.જે.૦૧૧૬૫**

તા. ૨૭/૦૪/૨૦૨૬
અંકલેશ્વર.